# જડ પદાર્થ (Matter) ના ભેદમાં સાયન્સ ક્યાં સુધી ઉતરી શકે?

## જરથોશ્તી દીનનાં બાતેન સાયન્સ અને આજના સાયન્સ વચ્ચે અંતર

લેખક : **બહેશ્ત બહેરેહ બહેરામશાહ નવરોજી શરાફ**

[નોંધ : આ અંકના "દીની આવાઝ" બહેશ્ત બહેરેહ બહેરામશાહ નવરોજી શરાફને અર્પણ કરવામાં આવ્યું છે. એઓ સાહેબ પાસે જરથોસ્તી દીનને લગતું જે જ્ઞાન હતું અને તેને સમજવાની જે સત્તાધારી ચાવીઓ હતી તેમાં શું હયરતભર્યું બળ હતું, એ આપને નીચે છાપેલા એક લખાણથી માલમ પડશે. આ લખાણ એમની "મજદયસ્ની જરથોશ્તી દએન મુજબ જરથોશ્તી તરબ્યતની અસલ રૂઢી" એ નામની ૧૯૨૬માં પ્રગટ થયેલી કેતાબમાંથી લેવામાં આવ્યું છે.

એમાં બહેરામશાહજીએ આજના 'એટમીક ફીઝીક્સ' નો ઉલ્લેખ કર્યો છે. ૧૮૯૯ થી ૧૯૨૬ સુધી ના અયામમાં આ સાયન્સમાં જાત તરાહની અજાયબી પમાડનારી શોધો થઈ હતી. ત્યાર પછી તો એ ફીઝીક્સ બહુ આગળ નીકળી ગયું અને ૧૯૪૫ આવતાં તો આ પૃથ્વી પર વસતા આદમે એટમ બોમ્બ ફોડીને પોતાની જાતનાજ વિનાશને નોતરાં દીધાં. અને આજે તો એ સાયન્સ લગભગ બાતેનવાદને આંગણે આવી ઊભું છે. છતાં ૧૯૨૬માં એ જ્યાં હતું, તેના ઉપર બહેરામશાહજી ની શરેહ વાંચતાં આપને એમ લાગશે કે એઓ ભૂતકાળની વાત નથી કરતા પણ ભવિષ્યની કરે છે! જડ પદાર્થ (Matter) ને સમજવા જતાં સાયન્સ ક્યાં જઈ પહોંચશે, અને-તેનાથી વધુ અગત્યનું-ક્યાં જઈને અટકી જશે, એની આગાહી બહેરામશાહજીએ એવી સચોટ કરી છે કે એમના શબ્દોને એના લખાયા પછી ૫૦ વર્ષ રહીને વાંચતાં તે ખરા માલમ પડી આવે છે!

આપ એઓ સાહેબનું આ લખાણરૂપી જામ પહેલાં નોશ ફરમાવો. એ પછી હું આપને કહીશ કે એઓ સાહેબનું ખોલેલું જરથોસ્તી દીનનું બાતેન વિજ્ઞાન આજના જડ પદાર્થ-વિજ્ઞાનની કેટલી નજીક આવ્યું છે અને હજી કેટલે દૂર છે. —કેકો]

હાલમાં જે કાંઈ જ્ઞાન, ફીલસુફી કે વિદ્યા ફેલાયલી છે, તેમાં મોટે ભાગે વિદ્વાનનાં મતો (Opinions) ઉપર ઘણો આધાર રાખવામાં અને તેને વજન આપવામાં આવે છે: દાખલા તરીકે, અમુક બાબદમાં ફલાણા વિદ્વાનનું આ મત છે અને પેલા વિદ્વાન તેજ બાબદમાં એમ મત ધરાવે છે, ફલાણા એક્ષપર્ટનું માનવું આમ છે અને ફલાણા સાવાંનું કહેવું તેમ છે, એની અંદરજ આજના જ્ઞાનનો ઘણો મોટો ભાગ સમાઈ જાય છે, પણ ગમે તેટલા શીખેલા ભણેલા વિદ્વાનોનાં માની લીધેલાં મતો તે કાંઈ હમેશાં કુદરતમાં પડેલી સચ્ચાઇઓ (facts, verities and realities in nature), કુદરતમાં પડેલાં મરકજો હોતાં નથી. તેનો મુસ્તકીમ સબબ **પહેલો** તો આ છે કે **એકજ** બાબદમાં કુદરતની હકીકત યાને સચ્ચાઇ **એકજ** હોઇ શકે: કુદરતમાં તો 'વજુદી', 'રાદી' યાને સચ્ચાઇજ હમેશાં હોય છે, કુદરતમાં બધેબધ **'રાદ'**, **'રાદ'** અને **'રાદ'** જ વ્યાપી રહેલો છે; જ્યાં કુદરતની વજુદી નથી હોય ત્યાં 'ગેર વજુદી' યાને જુઠાઇ છે એમ નકકી માનવું. હવે જો વિદ્વાનો અને ફીલસુફો એકજ બાબદમાં પોતપોતામાં મતફેરી ધરાવે, તો તે બધાંઓનાં એકમેકથી વિરૂદ્ધ જતાં ઉલટાં સુલટી મતો કુદરતમાં સચ્ચાઈ કેમ હોઈ શકે? વળી, **બીજો** મુસ્તકીમ સબબ તો આ છે કે ધારો કે હાલના બધા વિદ્વાનો યા પંડીતો ચોકસ એક બાબદમાં પોત પોતા વચ્ચે તદન એકમત (in complete agreement) બી થતા હોય, છતાં

તેટલા માટેજ તે એકમત કુદરતમાં જેવી રીતની તે બાબદ વિષેની સચ્ચાઇ પડેલી છે તેજ આબેહુબ રજુ કરે છે એમ આપણાથી મુદલે ખાતરીથી કહેવાઇ શકાય નહીં.

દુર કયાં જાઓ છો? આપણી હાલની સાયન્સનો એક ઘણો જાણીતો દાખલો લેઓ. પદાર્થના અનુઓ (atom) બેકરીરલ કીરણો અને રેડીયો-એકટીવીટી (Becquerrel Rays and Radio-activity) ની શોધો થવા આગમચ આખી પશ્ચિમની સાયન્ટીફીક આલમમાં એકમતે Indivisible યાને 'વધુ બારીક રચકણો માં કદી ભાંગી નહી શકાય એવા' એકમતે જાહેર કરવામાં આવ્યાં હતાં અને સ્કુલોમાં અને કોલેજોમાંબી તેજ પ્રમાણે શીખવવામાં આવ્યું હતું. આજે તે અનુઓ (Atoms) વિષેનું એકવારનું અખંડ એકમત સદંતર ઝમીન-દોસ્ત થઇ ગયું છે, અને આજના વિદ્વાનોએ (સાયન્ટીસ્ટોએ) ઉપર મુજબ રેડીયમ (રાદમ) ની શોધ ઉપરથી પુરવાર કર્યું છે કે પદાર્થના અને એકમતે અખંડ મનાતાં અનુઓ (Atoms) તેનાથીબી પુષ્કળ બારીક અણદીઠ રચકણોની અંદર ભાંગી શકાય છેઃ દાખલા તરીકે હાઇડ્રોજનનું અનુ (Hydrogen-Atom) કે જેની મુળ અસ્પંદી ઉપર આખી પદાર્થની અનુના વજન (Atomic Weight) ની સમજણ (Theory) ઉભી કરવામાં આવેલી છે. તે હાઈડ્રોજન અનુ (Atom) ૧૦૦૦ (એક હજાર) સૌથી બારીક અંશો યાને 'યોન' (Corpuscles or Ions) માં હજી ભાંગી શકાય છે, અને એ મુજબ એકવારનું હાલની સાયન્સનું એલીમેન્ટ (Element) યાને ખાલેસ ગણાતું તત્વ, જે અમુક અમુક છેલ્લાંમાં છેલ્લાં રચકણો યાને અનુઓ (Atoms) નું બનેલું ગણાતું હતું, તે સાયન્સનું દરેક એલીમેન્ટ (ખાલેસ તત્વ) હાલમાં ખરેખરા 'મુરક્કબ તત્વ' યાને 'અનેક અંશોના અનેક મીશ્ર તત્વ' (Compound) તરીકે ગણાવા લાગ્યું છે, કે જેમ તે કુદરતમાં ખરેખર છેજ. ત્યારે આજની સાયન્સના કરતાં શું આપણી માજદયસ્ની જરથોસ્તી દએનની અસલ ઇલ્મ્યત (ખરી સાયન્સ Science) ને આ ભલાઇ નથી કે આશરે ૮,૦૦૦ વરસની વાત ઉપર તેણે ખુલ્લું જાહેર કર્યું હતું કે દરેક ધાતુ (Metal) તથા દરેક ઉપ-ધાતુ (Non-metal) કે જે ઉપ-ધાતુઓની અંદર બધા ખાર સમાઇ જાય છે તે કુદરતમાં ખાલેસ-તત્વો નથીજ, પણ દરેક ધાતુ અને ઉપ-ધાતુ કુદરતમાં મુરકકબ યાને વધુ તત્વોની બનેલી મીશ્ર પેદાયશ છે?

જરથોશ્તી ઇલ્મ્યતની જબાનમાં બોલ્યે તો, દરેકે દરેક અહીંની પદાર્થની ચીજ અરબા યાને ચેહાર અનાસરો (Ultimates of matter)) એટલે કે ચાર મુળ-તત્વોની હમેશાં બને છે કે જે ચાર અનાસરો આપણી ખાકી આંખે તો શું પણ સુક્ષ્મ-દર્શક યંત્રથી પણ જોવાઇ શકાતાં નથી. વળી એ ચાર અનાસરોબી બે મરતબાના યાને સ્થુળ તથા સુક્ષ્મ છે તે આપણે આગળ ચાલતા જોઇશું. એ ચાર અનાસરો આતશ, બાદ (હવા), આબ (પાણી) અને ખાક (મટોડું જેમાં દરેક ખનીજ સમાઇ જાય છે તે) ને નામે ઓળખાય છે. ખરૂં કહીએ તો એ અસલ ચાર અનાસરો-આતશ, બાદ, આબ અને ખાક—માંનું એકેકું અનાસર અહીનાં આપણા રોજના વપરાસમા આવતા આતશ, હવા, પાણી અને ખાકના બંધારણમાં સર્વોપરી (Predominant) ભાગ લેતાં હોવાથીજ, કુદરતના અસલ ચાર અનાસરો ઉપરથીજ ધરતીપરની ઉપલી રોજની વાપરવાની ચાર મુખ્ય ચીજોને આતશ, હવા (બાદ), પાણી (આબ), અને ખાક એવા ઉસુલ્યાતી અનાસરોનાં નામો લાગુ પાડવામાં આવ્યાં છે. એટલે કે આપણા સાધારણ આતશ (fire) ની અંદર અસલ આતશી અનાસર જાહેર રીતે પોતાની 'તેજી-ગરમી-ગતી' ની ખાસ્યત દેખાડતું હોવાથી, તેને આતશનું નામ મળ્યું છે; સાધારણ હવા (air) ની અંદર અસલ બાદી અનાસર જાહેર રીતે પોતાની 'લેહેકી' યાને ફુંકવાની ખાસ્યત દેખાડતું હોવાથી તેને હવાનું નામ મળ્યું છે; સાધારણ પાણી (water) ની અંદર અસલ આબી અનાસર જાહેર રીતે પોતાની 'રવાઈ' યાને વહેવાની ખાસ્યત દેખાડતું હોવાથી તેને પાણી તરીકે ઓળખ્યે છીએ; અને છેલ્લે તમામ ખનીજની પેદાયશની અંદર અસલ ખાકી અનાસર જાહેર રીતે પોતાની 'બરદાશ્ત' ની ખાસ્યત દેખાડતું હોવાથી તમામ ખનીજને "ખાક" તરીકે ઉસુલ્યાતી નામ આપ્યું છે. ખરી રીતે બોલ્યે તો અહીંની આ ચારે ચાર મુખ્ય ચીજો આતશ, હવા, પાણી અને ખાક જેમાં આખી

ધરતી સમાઈ જાય છે યા તેમાં લઈ જઇ શકાય છે (can be reduced)—**તે દરેક ચીજ ચારે ચાર અસલ અનાસરો–મુળ તત્વોનીજ બનેલી છે યાને કે આતશી, બાદી, આબી અને ખાકી એમ ચારે ચાર અનાસરો ઉપલી ચાર ચીજોમાંની દરેક ચીજની અંદર સામટાં પડેલાં છે.** ખુલ્લા શબ્દોમાં જણાવ્યે તો, ઘેરના આતશમાંબી ચોહાર અનાસરો–આતશ, બાદ, આબ અને ખાક છે; હવાની અંદરબી આતશ, બાદ આબ અને ખાકનાં ચાર અનાસરો છે; પાણીની અંદરબી આતશ, બાદ આબ અને ખાકનાં ચાર અનાસરો છે; અને ધુળ–ખનીજની એક બારીકમાં બારીક રચકણ માંબી આતશ, બાદ, આબ અને ખાકના ચાર અનાસરો છે. પણ ઉપલી દરેક ચીજમાં એકેકો અનાસર ઘણી જાહેર રીતે બળવાન ખાસ્યત દેખાડતો હોવાથી, એ ચારે જાણીતી ચીજોનાં નામો કુદરતનાં ચાર અનાસરો ઉપરથી લીધેલાં છે.

આ ચારે જાણીતી ચીજોમાં રહેલાં અનાસરોનું પ્રમાણ કુદરતે જે મુકરર કરેલું છે તેમાં ન્યુનતા આવતાં યાને ઘટાડો થતાં એ ચીજો પોતાની કાર્ય કરવાની શકિત પ્રમાણમાં ગુમાવી દે છે. અને આ અનાસરોનું મુકરર થયલું પ્રમાણબી ચોકસ કાયદેજ ઘટે છે, એટલે કે કોઈબી ચીજમાંથી પહેલે આતશી અનાસર કમ થાયછે યા નીકળી જાય છે અને તેના પ્રમાણમાંજ તે ચીજમાંના બાકીનાં ત્રણ અનાસરો બાદ, આબ અને ખાક ઘટવા માંડે છે યા નીકળી જાય છે. દાખલા તરીકે ઘેરના રોશન આતશની અંદરથી તેનો આતશી અનાસર કોઇબી કારણે કમી થાય છે તો તેની સાથના બાદી આબી અને ખાકી આ ત્રણ અનાસરો કમી થઇ જાય છે, અને આ બળતા આતશની અંદરથી ચારે અનાસરો શરૂઆતમાં થોડાં પ્રમાણમાં કમ થતાં તે આતશ જલદી બળી શકતો નથી યાને ધુમાયા કરે છે અને વધુ પ્રમાણમાં ચારે અનાસરો છુટા પડવે તે બળતો આતશ એકદમ સરદ થઇ જાય છે. એજ પ્રમાણે પાણીની અંદરનો આતશી અનાસર કમતી થાય છે યા નીકળી જાય છે, તો તેનાં પ્રમાણમાં પાણીના બાદી, આબી અને ખાકી અનાસરો છુટાં પડી, તે પાણી નિર્મુળ થઈ કોહીને વાસ મારી આવે છે. એજ પ્રમાણે, એક દરખ્ત યાને ઝાડની અંદરથી આતશી અનાસર જેમ જેમ ખેંચાતો જાય છે તેમ તેમ તેનાં બાદી, આબી અને ખાકી અનાસરો પ્રમાણમાં કમી થાય છે અને અંતે દરખ્તનું થડ મંદ થઈને સુકાઇને તુટી પડે છે.

હજી પદાર્થના સેવટના એ મુળ ચાર અનાસરો મુળ–તત્વોની સંપુર્ણ શોધ ઉપર આજની સાયન્સ આવી શકી નથી. ઘણું ઘણું તો સ્થુળ બાદી અનાસર સુધી તેની છેલ્લામાં છેલ્લી શોધો જઈ શકે, પણ સ્થુળ આતશી અનાસર ઉપર આવતાં તો કંઇક જમાના તેને લાગશે, અને સ્થુળ આતશી અનાસરને પકડવા માટે રૂહાંની ચશ્મની ખીલવણીજ (Psychic development) જોઇશે—કોઈબી નાજુકમાં નાજુક યંત્રને એ સ્થુળ આતશી અનાસર મચક આપશેજ નહીં·

[કિકાની નોંધ : બહેરામશાહજીના ઉપલા શબદોની આપ બરાબર કદર કરી શકો તે માટે હું આપને આજના એટમીક અને ન્યુકલીઅર ફીઝીકસની થોડી વાત કહું·

આ જગતમાં જે પણ જડ પદાર્થ (Matter) છે તે લગભગ ૯૨ જાતના એટમોમાંથીજ બનેલો છે. એ ૯૨ માંના એક યા બે યા વધુ જાતના એટમો એક બીજા સાથે અમુક ઇલેકટ્રીકલ જોડાણ કરીને આપણા અનુભવમાં આવતો જડપદાર્થ બનાવે છે. આમ એટમ એટલે જડપદાર્થનો મૂળ પાયો.

ગઈ સદીમાં મનાતું કે એટમ નહિ ભાંગી શકાય તેવું છે. ('એટમ' શબદમાંજ આ અર્થ છે–Atomos =Indivisible), પણ આ સદીની શરૂઆતમાંજ આ વાત ખોટી પડવી શરૂ થઇ, કેટલીક જાતના એટમ એવાં હતાં કે જેની અંદરથી એટમ કરતાં પણ ખુબ ખુબ ઝીણાં ઇલેકટ્રીકલ કણો પોતાની મેળેજ નીકળ્યા કરે છે. એવાં એટમને રેડીઓએકટીવ કહે છે. રેડીયમ, યુરેનીઅમ થોરીયમ એ જાતના એટમો છે. એટલે એમ થયું કે આ એટમો તો પોતાની મેળેજ ભાંગ્યા કરે છે પછી તો એમ શોધાયું કે દરેક જાતના એટમમાં એનાથી વધુ ઝીણાં કણો છે. એનાં નામો પણ અપાયા : ઇલેકટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન. કાંઇક એવું જણાયું કે દરેક એટમમાં વચ્ચે એક ન્યુકલીઅસ નામનું ભારી કણ છે, જેની આસપાસ ઇલેકટ્રોન્સ નામના કણો ફર્યા કરે છે. ન્યુટ્રોન અને પ્રોટોન એ ન્યુકલીઅસમાંજ છે·

આ બધા કણોને 'એલીમેન્ટરી પાર્ટીકલ્સ' કહેવામાં આવ્યાં. એઓનાં વર્તન અને વર્તણુંક તો એટલાં બધા વિચિત્ર નીકળ્યાં કે એક વિચિત્રતાનું નિરાકરણ કરતાં તેનાથી વધુ ગુંચવે એવી વિચિત્રતા સામે આવવા માંડી. કોઇ એક ભેદનો 'ખુલાસો', તે અસલ ભેદ કરતાં પણ વધારે ભેદી નીકળવા માંડયો. આમ વિચિત્રતાઓ અને ભેદોની સાંકળ લંબાવ્યાજ કરી અને લંબાતાં લંબાતાં ગુંચવાતી પણ ગઈ. આજે હવે એવું જણાયું છે કે એ 'એલીમેન્ટરી પાર્ટીકલ્સ', એલીમેન્ટરી નથી, એટલે કે પ્રાથમિક પાયારૂપી, મુળ છેવટનાં (Ultimate) કણો નથી, પણ કાંઈ નહિ જણાય તેવા બળો (forces), એનર્જીઓ, અને ચીઝના બનેલાં છે. એટલે કે તેઓ ચોકખા નથી પણ મિશ્રણ (mix) થઇને બનેલાં છે, જેને માટે બહેરામશાહજી 'મુરકકબ' શબ્દ વાપરે છે. પ્રોટોન કે જે દરેક એટમના ન્યુકલીઅન્સમાં છે, તેની અંદર વળી 'પાર્ટન' નામની કોઇ એવી ચીજ જણાઇ છે, કે જેને શું કહેવું તે સમજાતું નથી. એ કણ–પાર્ટીકલ–નથી, પણ પોઈન્ટ જેવું કાંઇક છે જેને પોઇન્ટ એન્ટીટી (Point entity) કહે છે. એટલે એમ કહેવાય કે એ કાંઇક છે ખરૂં, પણ કણ નથી! પોઇન્ટ છે, પણ પાર્ટીકલ નથી! એટલે જડતા (matter) ની પુર્વેની કોઇ સુક્ષ્મ ચીજ છે.

અને અહીંજ 'અનાસર' નો ખ્યાલ સાયન્સમાં દાખલ થાય છે.

જરથોસ્તી દીનનું સાયન્સ કહે છે કે કુદરતમાં ચાર 'અનાસર' છે – આતશ, બાદ આબ, ખાક: જડપદાર્થ અને આપણા અનુભવમાં આવતી એનર્જીઓની ઘણી પુર્વેની બહુજ સુક્ષ્મ પ્રકારની એનર્જીઓ તે આ અનાસરો છે. એ ચાર મુળ સુક્ષ્મ એનર્જીઓ પોત પોતામાં ગુણાઇને, મિશ્રણ થઇને, અનેક બીજી એનર્જીઓ બનાવે છે. જેની સુક્ષ્મતા (ultra physical subtlity), પેલાં મુળ ચાર અનાસરોથી ઓછી હોય છે. એવા અનેક તબકકાઓ થતા થતાં છેવટે એ સુક્ષ્મતા ઓછી થઈ થઇને સ્થુળતા–જડતા (the material) ને તબકકે આવી પહોંચે છે, અને અહીંથીજ પ્રોટોન, ન્યુટ્રોન, ઇલેકટ્રોન એવા એલીમેન્ટરી કણોની હસ્તી શરૂ થાય છે. આ કણો આવી રીતે અતિ સુક્ષ્મ એનર્જીઓના મિશ્રણ થયલા અને સ્થુળ–જડ બનેલા પ્રકારો છે, જેઓ પછી વધુ મિશ્રણ કરીને, એક બીજા સાથે જોડાઇને આપણા રોજીંદા અનુભવમાં આવતા પદાર્થોના એટમ અને મોલેકયુલસ બનાવે છે. આ વહેવાર આવી રીતે બતાવી શકાય :

**આતશ**
**બાદ**
**આબ**
**ખાક**

**ચાર મુળ અનાસરો** ——▷ **મિશ્ર થયલાં અનાસરો** ——▷ **એલીમેન્ટરી પાર્ટીકલસ**

V

**એટમ્સ**

V

**મોલેકયુલસ**

V

**અનુભવમાં આવતો જડ પદાર્થ**

[વધુ વિગત માટે જુઓ પાનું ૧૨]

## જડ પદાર્થના ભેદ ( પાના ૪ થી ચાલુ )

( પાના ૪ થી ચાલુ )

સાયન્સની આજ સુધીની શોધો હજી તો એલીમેન્ટરી કણોના તબક્કા ઉપરજ છે; તેને અનાસર નો તબક્કો ખબરજ નથી, અને બહેરામશાહજી કહે છે કે એ તબક્કો સાયન્સના કોઇ પણ સાધનથી યા કોઈ પણ રીતથી પકડાય તેમ નથી; એને માટે તો 'રૂહાની ચશમ' જોઇએ એટલે દીનને રસ્તે ચાલીને, દીનને જીવનમાં ઉતારીને, રૂહાની દરજજે આગળ વધનાર ઇનસાનનેજ કુદરત અનાસરનો મેહમાર બતાવે. આજે ૧૯૭૬માં બહેરામશાહજીની આ ૧૯૨૬માં લખેલી હકીકત એકદમ ખરી પડતી જણાય છે! પ્રોટોનની અંદર રહેલાં 'પાર્ટન' જે એક પોઇન્ટ જેવું છે, તેની હસ્તીની કલ્પના પકડવા માટે સાયન્સને બે માઇલ લાંબુ યંત્ર–ઇલેક્ટ્રોન એકસલરેટર–બનાવવું પડે છે! અને એ 'પોઇન્ટ એન્ટીટી' તો મિશ્રત અનાસરો થી પણ બહુ દુર છે. એની અંદર ઉતરવા માટે સાયન્સ કોઇ સાધન બનાવી શકે તેમ નથી કેમકે એ 'પોઇન્ટ' માં જડતાજ નથી; એ **material** નથી પણ **immaterial** છે, અતિ સુક્ષ્મ છે!

બહેરામશાહજી કહે છે કે આજનું સાયન્સ તો સ્થુળ **બાદી** અનાસર સુધી જઇ શકે. ખરી રીતે આજે એ **ખાકી** અનાસર ઉપર પણ આવ્યું નથી કેમકે પાર્ટન એ તો જડપદાર્થનો ઘણોજ નજીકનો સુક્ષ્મ તબક્કો થયો. આમ સાયન્સ અહીંથી પણ આગળ ચાલી શકે છે એ વાત પણ બહેરામશાહજી કહે છે, અને તેથી એમના શબ્દો સાયન્સના ભવિષ્યમાં પણ ઉતરે છે! છતાં એને અટકવું પડશેજ અને 'રૂહાની ચશમ' ની વાત કરવીજ પડશે, એ ભવિષ્ય વાણી બહેરામશાહજી ઉચ્ચારે છે. ખરી રીતે તો અત્યારે આ પાર્ટનનો તબક્કોજ એવો લાગે છે કે અહીંથી આગળ જવાશે નહિ. બહેરામશાહજીના કહેવા મુજબ કદાચ હજી પણ આગળ જવાય. તો જોઇએ કયાં સુધી જાય છે? —Let us wait and see].